ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમને
મેચીંગ ફાળા પેટે રૂ.૨૦૦.૦૦ લાખની
ગ્રાન્ટ ફાળવવા બાબત.
સને ૨૦૧૮-૧૯.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવક્રમાંકઃ સશપ-૧૦૨૦૦૨-૯૮૮(પા.ફા.)-અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૦૯/૦૫/૨૦૧૮

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૧-૪-૨૦૧૮ નો ઠરાવક્રમાંકઃ બીયુડી-૧૦૨૦૧૭-૧૬૪૩૧૬-બ.

(૨) નિયામકશ્રી(વિ.જા.ક.)નો તા.૦૧/૦૫/૧૮નો પત્રક્રમાંકઃવિજાક-બોનિ-૨૦૧૮-૧૯-૭૧-૭૨

ઠ રા વઃ-

ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમને નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે મેચીંગ ફાળા પેટે રૂ.૨૦૦.૦૦ લાખ(અંકે રુપિયા બસો લાખ પુરા) ગ્રાન્ટની જોગવાઇ કરવામાં આવેલ છે. જે અન્વયે આ વિભાગના વંચાણ (૧) સામે દર્શાવેલ તા.૧૧-૦૪-૧૮ ના ઠરાવથી આ ગ્રાન્ટની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. નિયામકશ્રી(વિ.જા.ક.)ના વંચાણ-(૨) હેઠળના તા.૦૧-૫-૨૦૧૮ ના પત્રથી આ ગ્રાન્ટ ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમના હવાલે મૂકવા કરેલ દરખાસ્ત સરકારની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે મેચીંગ ફાળા પેટે રૂ.૨૦૦.૦૦ લાખ(અંકે રુપિયા બસો લાખ પુરા)ની ગ્રાન્ટ ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ગાંધીનગરના હવાલે મુકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગરને નીચેની શરતોને આધિન આથી મંજૂરી આપવામાં આવે છે.

શ ર તો:

૧. આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમને હવાલે મુકવાની રહેશે.

૨. જે હેતુ માટે જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

૩. સને ૨૦૧૮-૧૯ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

૪. આ અંગેનો ખર્ચ ચાલુ વર્ષે મંજૂર થયેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

૫. આ અંગેનો ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારા ધોરણોને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૬. ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ દ્વારા મંજૂર કરવામાં આવેલ લોનની રીકવરી નિયમિત રીતે થાય તેની પર્યાપ્ત કાળજી અચુક લેવાની રહેશે અને રીકવરીની વિગતો પ્રસંગોપાત સરકારને રજુ કરવાની રહેશે.

૭. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ ૯૨ મુખ્ય સદર- ૬૨૨૫ અનુ.જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોના કલ્યાણ, પેટા મુખ્ય સદર-૦૩ પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર-૮૦૦ અન્ય લોન, પેટા સદર-૦૮ ઓબીસી-૨૪ રાષ્ટ્રીય પછાત વર્ગ નાણા અને વિકાસ નિગમમાં સામા સમાન ફાળો માટે ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમને લોન હેઠળ ઉધારવો અને તે હેઠળ ચાલુ નાણાકીય વર્ષમાં કરવામાં આવેલ જોગવાઇમાંથી મેળવવાનો રહશે.

આ ઠરાવ વિભાગના અગ્ર સચિવશ્રીની તા.૦૯-૦૫-૨૦૧૮ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઇ.એમ.ઘાંચી)
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાનાઃ-

- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ લિ. ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- રેસિડેન્ટ ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ.
- સિલેકટ ફાઇલ.